सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૨ ફેબ્રુઆરી ૨૦૦૨ અંક ૪

## વાલીઓને......

### વિદ્યાર્થીઓને ઈતર વાંચન આપો

અમદાવાદમાં ડિસેમ્બર જાન્યુઆરી માસમાં ઘણાં પુસ્તક મેળાઓ યોજાયા. અને આ મેળાઓમાં પુસ્તકોની વિપુલતા જોવાનો આનંદ તો મળ્યો, પરંતુ અનેક લોકોને પોતપોતાના વિષયમાં રસ હોય તે વિષયનાં પુસ્તકો જોતાં અને ખરીદતાં જોઈને આનંદ થયો. સાથે સાથે એ પણ જોવા મળ્યું કે અનેક વાલીઓ પોતાનાં બાળકને સાથે લઈને આ મેળાની મુલાકાત લેતા હતાં અને બાળકોને કયા પુસ્તકો આપવા જેવા છે તે જોઈ ખરીદતાં હતાં.

આમ છતાં છેલ્લા કેટલાક વર્ષોથી એવું જોવા મળ્યું છે કે નાના બાળકોને સચિત્ર વાર્તાવાળા પુસ્તકોમાં રસ છે- પછી ઉપરનાં ધોરણમાં આવે ત્યારે વાંચવા લાયક પુસ્તકોની ખરીદી નહીવત્ થતી હોય તેવું જોવા મળ્યું છે. હકીકતમાં ઉપરનાં ધોરણોમાં અભ્યાસનાં વિષયોને ભારે મહત્વ આપી વાંચવા લાયક સાહિત્યથી આ વિદ્યાર્થીઓ સાવ અળગા રહેતાં હોય તેવું જોવા મળ્યું છે. આમાં અપવાદ હશે પરંતુ આજની પરિસ્થિતિની વાસ્તવિકતા આ છે તે સ્વીકારવું રહયું. ભૂતકાળમાં ઘણા લોકોએ પોતે દસમાં ધોરણમાં આવતાં સુધીમાં ધૂમકેતુ, કનૈયાલાલ મુન્શી, ચુનીલાલ વર્ધમાન શાહ, રમણલાલ વસંતલાલ દેસાઈ જેવા લેખકોની પુસ્તકશ્રેણીઓ તો વાંચી હશે એટલું જ નહીં પરંતુ અનુવાદિત પુસ્તકોમાં શરદબાબુ, ટાગોર જેવા બંગાળી લેખકોના પુસ્તકો, ખાંડેકર જેવા અનેક મરાઠી લેખકોના ભાષાંતર થયેલા પુસ્તકો પણ વાંચ્યાં હશે.

આજે આ જોવા મળતું નથી તેનું દુઃખ છે. વાંચવાનો શોખ જાગે એટલા માટે આ દિવાળી વેકેશનમાં સાહસિકોની સૃષ્ટિ, કેપ્ટન નેમો, રામાયણનાં પાત્રો, મહાભારતનાં પાત્રો જેવા પુસ્તકો વાંચવાનું ગૃહકાર્ય આપ્યું હતું કે જેથી તેમનો વાંચવાનો શોખ કેળવાય. વિદ્યાર્થીઓને ટી.વી. ઉપર આવતા કાર્યક્રમથી અલગ કરી આ દિશામાં વાળવાનું કામ મુશ્કેલ હોય તો પણ કરવા જેવું છે. વાંચનનો શોખ તેનું જીવન સમૃધ્ધ કરવામાં અનન્ય ફાળો આપે છે તે હકીકત ભૂલવા જેવી નથી.

કનુભાઈ દવે
ના વંદન

### સ્મૃતિચિત્રો

૧૯૬૩ના મેમાં અમે નૈનીતાલ ગયા એ અરસામાં રવિશંકર મહારાજ સ્વામી આનંદ સાથે કૌસાની, ખાલી, બૈજનાથ વગેરે સ્થળોએ ફરતાં હતાં તે જાણ્યું. અલમોડા આવ્યા ત્યારે રવિશંકર મહારાજને મળવાનું થશે તેમ સમજી ખાલી મુકામે ગયા. પરંતુ મહારાજ આગળનાં દિવસે જ નીકળી ગયા હતાં એટલે મળાયું નહીં.

તે જમાનામાં ખાલી, બીનસર, કૌસાની જેવા સ્થળોએ જવા માટે રસ્તાઓ પહાડી અને કાચા હતાં. જીપ અને બહુબહુતો સ્ટેશન વેગન, આ રસ્તાઓ ઉપર ચાલી શકે તેવા, એટલે અમે ચાર સ્ટેશન વેગન કરીને કૌસાની પહોંચ્યા.

અમારો ઉતારો, ગાંધીઆશ્રમમાં હતો. આજે તે ગાંધીસંગ્રહાલય છે. અને અમે જે રૂમમાં ઉતર્યા હતાં તે રૂમમાં જ બેસીને ગાંધીજીએ "અનાસક્તિ યોગ" લખ્યો હતો તે જાણીને રોમાંચ થયો. સ્વામી આનંદ એ વખતે કૌસાનીમાં જ હતા અને તેમનું મકાન અમારા ઉતારાથી એકાદ કી.મી. દૂર હતું એટલે ઉતારામાં ગોઠવાઈને સ્વામી આનંદને મળવા ગયાં.

પોતાનાં ઉતારાની સામેનાં જ એક ઓટલા ઉપર સ્વામી તે વખતે બેઠા હતાં. દૂરથી જ ઓળખાઈ આવે તેવું કર્મઠ વ્યક્તિત્વ તેમનું હતું. અમે ગયા એટલે સાહજીક રીતે પૂછયું "આવી ગયા? 'ઉતારો અનુકુળ છે?' વગેરે સામાન્ય વાતચીત પછી તેમની પાસેથી કાર્યક્રમનું માર્ગદર્શન માગ્યું.

તેમણે કહ્યું કે સામે જે ગિરિમાળાઓ દેખાય છે, ત્રિશૂળ વગેરે, આવી રેન્જ જોવી હોય તો વહેલી સવારે અહીંથી કિ.મી., દોઢ કિ.મી.ના અંતરે આવેલા સ્થળથી જોવાની એક મજા છે. અને ત્યાંનો સૂર્યોદય જોવો તે લ્હાવો છે. અમે તે માટે ઈચ્છા પ્રગટ કરી તો એમણે કહયું કે સવારે ચારેક વાગે અહીં આવી જાવ તો સાથે જઈશું. સૂર્યોદય જોવાનું મહત્વ હોઈ મોડા પડશો તો હું નીકળી ગયો હઈશ.

રાત્રે આ અંગે અમે કાર્યકરો સવારે જવા માટે નક્કી કરતાં હતાં ત્યારે વિદ્યાર્થીઓએ પણ આવવા માટે ઈચ્છા દર્શાવી. સવારે વહેલા ૩ વાગે ઉઠવું પડે, ઠંડી હોય વગેરે બાબતો કહી તો પણ વિદ્યાર્થીઓએ આવવા માટે ઈચ્છા વ્યકત કરી.

અમે વહેલી સવારે ૩ વાગે ઉઠયા. અમારા આશ્ચર્ય વચ્ચે જોયું તો બધા જ વિદ્યાર્થીઓ તૈયાર થઈ ગયાં હતાં. એટલું જ નહી પણ ડ્રાઈવરોએ કહયું કે સ્વામીજીનાં ઘર સુધી અમે બસ લઈ જઈશું. આમ નક્કી થતાં સૌ બસમાં બેસી ગયા. અમે સ્વામીજીના ઘર આગળ ૩-૩૦ વાગે પહોંચી ગયા. અવાજ સાંભળતાવેંત સ્વામીજી બહાર આવ્યા અને વિદ્યાર્થીઓનો ઉત્સાહ જોઈ ખૂબ ખુશ થયા. તરત કહયું ચાલો આપણે નીકળીએ.

થોડું ચાલ્યા પછી જંગલનો રસ્તો શરૂ થતો હતો. સરૂની સૂકાયેલી પાંદડીઓને લીધે પગ સરકી જતાં હતાં. અને ચાલવામાં મુશ્કેલી પડતી હતી. પરંતુ એક નવા પ્રકારનો અનુભવ હતો. પંદર વીસ મિનિટ ચાલ્યા પછી અમે ખુલ્લા મેદાનમાં આવ્યા. પૂર્વ દિશામાં ઉજાશ વધતો જતો હતો. અને તે ઉજાશમાં Silhut રૂપે સમગ્ર ગિરિમાળા છાયાચિત્ર જેવી નજરે ચઢતી હતી. એક પછી એક ગિરિશિખરોની પૂરી રેન્જની ઓળખાણ સ્વામીજી કરાવતાં ગયા.

સૂર્યોદય પહેલાં ૧૦ મિનિટ રહી હશે ત્યારે સ્વામીજીએ કહયું કે સૂર્ય અમુક જગ્યાએથી બહાર આવશે એ જોવાની મજા છે. અમે થોડીવાર રાહ જોઈ અને છાયાપ્રદેશની પહાડીમાંથી સૂર્યનું પહેલું કિરણ બહાર પડયું તે અનુભવ અત્યંત રોમાંચક હતો. સમગ્ર અંધકારમાં જાણે ઓચિંતો પ્રકાશપુંજ બહાર આવ્યો હોય એવું લાગ્યું અને પછી તો સૂર્યનાં કિરણો એક

પછી એક જેમ જેમ જુદી જુદી ગિરિમાળા પર પડતાં જાય તેમ તેમ સ્વામીજી તે ગિરિશૃંગને ઓળખાવતાં જાય.

સૂર્યોદય પછી અમે ૧૫-૨૦ મિનિટ આ આનંદ લીધો વળતાં આવ્યાં હતાં તે જ રસ્તે પાછા ફર્યા પરંતુ ઉતારે આવ્યા ત્યારે જીવનનો કદી ન ભૂલાય તેવો લ્હાવો લીધો હતો તેનો આનંદ સૌના હૃદયમાં હતો.

## બાળકની શાળાનો સમય સાચવવાની સૂચના

શાળા શરૂ થાય તે પહેલાં બાળકને વહેલું મૂકી જવું નહીં કારણકે એ દરમ્યાન બાળકને કંઈક ઈજા થાય, કયાંક ચાલ્યું જાય, એ બાબત યોગ્ય નથી. શાળા શરૂ થતાં પહેલાં ૨૦ મિનિટથી અગાઉ બાળકને શાળામાં મૂકવા ન જ આવવું. કારણકે બાળક શાળા શરૂ થયા પહેલાં વહેલું આવે અને પટાવાળા સાફસૂફીના કામમાં રોકાયેલા હોઈ બાળક તે ગાળામાં રેઢું રહેતુ હોવાના સંજોગો ઉભા થાય છે.

તે જ રીતે શાળા છૂટયા બાદ પંદરેક મિનિટમાં કાર્યકરો જતા હોય છે અને પટાવાળા સાફસૂફીના કામમાં હોય છે. એટલે ખરેખર તો વાલીઓ બાળકોને પોતે લેવા આવતા હોય તેઓ શાળાના છૂટવાના નિયત સમય પહેલા પાંચેક મિનિટ અગાઉ તો આવી જ જાય અને કોઈ પણ સંજોગોમાં શાળા છૂટયા બાદ દસેક મિનિટની અંદર બાળકને લઈ જ જવું જોઈએ.

આ બાબતમાં વારંવાર વાલીઓની અનિયમિતતા જોઈને આશ્ચર્ય અને દુઃખ થાય છે. વાલીને જ્યારે જણાવવામાં આવે ત્યારે પોતે ભૂલી ગયા અથવા અમુક કામને કારણે મોડું થઈ ગયું તેવું જણાવે છે પરંતુ બાળકને સમયસર શાળામાંથી લઈ જવુ તે કોઈપણ અગત્યના કામ કરતા વધુ અગત્યનું કામ અને વાલીની ફરજ છે તે સમજવું જોઈએ. વાલી સમયસર ન આવે અને બાળક પોતાની રીતે જ્યારે પંદરસો બે હજાર વિદ્યાર્થીઓ છૂટતા હોય ત્યારે બહાર ચાલ્યું જાય તે ધ્યાનમાં ન આવે તેવી બાબત છે. ડીઝાસ્ટર મેનેજમેન્ટમાં આ મુદ્દાને વાલીએ અગ્રતા આપવી જોઈએ એમ અમે માનીએ છીએ. શાળા છૂટયા બાદ જુદી જુદી પ્રવૃત્તિને કારણે શાળાનો સ્ટાફ હાજર હોય તો પણ આવી રીતે નહીં આવેલા વાલીઓના બાળકો વિષેની બાબત તેમના ધ્યાનમાં ન આવે તે સ્વાભાવિક છે. અને આ પ્રકારની પ્રવૃત્તિમાં રોકાયેલા કાર્યકર પોતાના અંગત કામને કારણે કેઝયુઅલ લીવ કે અન્ય કારણે શાળામાં હાજર ન પણ હોય તે શકય છે. આ ઉપરાંત શાળામાં અન્ય ઈતર પ્રવૃત્તિઓને કારણે બહારના તત્વો પણ કમ્પાઉન્ડમાં હોય તે શકય છે. આટલા વિશાળ કમ્પાઉન્ડમાં બાળક અટવાઈ જાય તે સ્વાભાવિક છે અને આથી દરેક વાલીને પોતાના બાળકને શાળામા મૂકવા આવવાની અને લઈ જવાની પ્રથમ ફરજ ગણી તે પ્રમાણેનો ઉપક્રમ સૌ ગોઠવે તેવું મારે જણાવવું પડે છે. સૌ વાલીઓને આ બાબત ગંભીરતાથી લેવા જણાવું છું.

## શાબાશ એક અમૂલ્ય શબ્દ

પોતાનું સંતાન આ દુનિયામાં કંઈક કરી દેખાડે એવી ઈચ્છા દરેક માબાપના મનમાં થતી હોય છે. માબાપ તરીકે આવી ઈચ્છા હોવાનું સ્વાભાવિક છે.પણ આવી ઈચ્છા સેવવાથી વાત પતી જતી નથી. આ માટે માબાપ તરીકે આપણે પણ કેટલીક વાત શીખવી પડે.

બાળક ચૈતન્યનો ફુવારો છે. એની અંદર જે કંઈ પડયું છે તે બહાર લાવવાની એની સતત મથામણ હોય છે. દરેક ડગલે એ આ જગતને સમજવા મથે છે ને આ જગતને પોતાના તરફથી કશુંક આપવાની કોશિશ કરે છે. આ ક્ષણો જો સચવાઈ ગઈ તો બાળક એના ટચૂકડા હાથથી આકાશને બાથ ભરવાની ગુંજાશ દેખાડશે.બાળકોને માર્ગદર્શન કદાચ દરેક માબાપ ન આપી શકે. પણ એને પ્રોત્સાહન તો એકેએક માબાપ આપી જ શકે. મુખ્ય વાત માર્ગદર્શનની નથી, પ્રોત્સાહનની છે. દરેક ડગલે બાળકને પ્રોત્સાહિત કરવા માટે સમજ ને સહૃદયતાની જરૂર પડે છે.બાળકની વ્યક્તિતાના પ્રાગટયની એકેએક ક્ષણે એને શાબાશી આપીએ. સંકલન

## ' જવાબદાર કોણ ! '

" બેન ! આજે તો સોળમી તારીખ થઈ. આ વખતે તમે પ્રગતિપત્રકો નથી આપ્યાં ? હું સુહાનીને રોજ જ પૂછું છું કે ' હજી તારું પ્રગતિપત્રક કેમ નથી આવ્યું ? ' તો કંઈ સરખો જવાબ નથી મળતો અને એટલે જ આજે તો કામ પડતું મૂકીને જાતે મળવા આવ્યો છું. "

" શું વાત કરો છો ? હજી સુધી પ્રગતિપત્રકો બાકી તો ન હોય , જરા થોભો તો ! હું બરાબર તપાસ કરી લઉં. કદાચ કંઈ કારણસર વહેલું મોડું થયું હોય તો.."

અને મે પ્રગતિપત્રકની થપ્પીઓ ખોલી. સુહાનીના વર્ગની થપ્પીમાથી તેનું પ્રગતિપત્રક કાઢયું. તેમાં આ મહીનામાં થયેલી સહી જોઈ અને ઘડીભર થંભી ગઈ..' એનાં પરિણામમાં ચાર વિષયોમાં લાલ લીટી છે, અને યોગ્ય ખાનામાં વાલીની સહી પણ થયેલી છે, સહીમાં ય કંઈ ખાસ ફરક જણાતો નથી. આગળનાં મહીનાઓમાં થયેલી સહી જેવી જ લગભગ એ સહી છે, મારા મનમાં આખી ય વાતનો કંઈ તાગ મળતો ન હતો. એના પપ્પા કહે છે, ' મેં પ્રગતિપત્રક જોયું નથી..' ' કામના દબાણમાં એ ભૂલી તો નહીં ગયા હોય ? ' અને મેં સુહાનીને વર્ગમાથી બોલાવી.

' બેટા ! આ સહી તેં પપ્પા પાસે કરાવી ? પપ્પાને તો યાદ પણ નથી, એ તો તારું રીઝલ્ટ પૂછવાં આવ્યા છે, તો એ સહી કોણે કરી છે ? "

અને સુહાનીનું મોં એકદમ પડી ગયું, આંખમાં ડળક ડળક આંસુ ટપકવા માંડયા, નીચું જોઈ પગનાં અંગુઠાથી તેણે ભોંય ખોતરવા માંડી અને હું વાત કળી ગઈ.. બેટા ! આવું કામ થાય ? કોઈની ખોટી સહી કરવી એ કેટલું ખોટું કામ છે એનો તને ખ્યાલ છે ? એ ઘણો મોટો ગુન્હો કહેવાય દિકરા.. તને આટલી ય ખબર નથી ? તેં આવું કેમ કર્યું ? "..

" બેન ! મારું પરિણામ ખૂબ ખરાબ હતું મને થયું.. પપ્પા ખૂબ ગુસ્સે થશે ને મને મારશે, એટલે એમને એ પ્રગતિપત્રક બતાવતાં મને હિંમત ન ચાલી અને એટલે એ સહી મેં કરી છે.." અને એ કહેતાં કહેતામાં તો એ ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી.. એના પપ્પાને પણ એક ઘેરો આઘાત લાગ્યો..

'' બેન ! એને વારંવાર ભણવા માટે ટોકીએ છીએ પણ એ ભણે તો ને ! કશું નથી આવડતું તેમ કહે તો શીખવાડીએ પણ ખરાં, પણ કહે તો ને ! ટયુશનવાળા સાહેબ પણ રાખ્યાં છે. મારાથી થઈ શકે તે બધું જ કરું છું કયાંય કશી જ કચાશ રાખતા નથી ત્હોય આ પરિણામ ? મને તો એટલી ચિંતા થાય છે. આનું કરું શું ? કશું જ સમજાતું નથી . '

મને વિચાર આવ્યો..આમા જવાબદાર કોણ ?, સુહાનીએ આ ખોટું તો કર્યું જ છે, પણ એવું એણે કર્યું કેમ ? એણે પરીક્ષાની વ્યવસ્થિત તૈયારી કરી હોત, વર્ગમાં ધ્યાન આપી રોજ ભણી હોત તો આવું ન થાતને! આજનાં છોકરાંઓને ભણવું કેમ નથી ગમતું ? બહુ મોટી સમસ્યા છે. ચારે બાજુ ટી.વી.નું પ્રદૂષણ ફરી વળ્યું છે, ટી.વી. બાળકનો કેટલો બધો સમય બરબાદ કરે છે ? બાળકને ભણવાનું ય ન ગમે અને ઈતર વાંચન તો અભરાઈ પર ચઢી ગયું છે.. એ બાળકોનું થશે શું ? અને સામા પક્ષે માબાપની પાર વીનાની મહત્વાકાંક્ષા, આપણું બાળક કયાં છે, એની ક્ષમતા કેટલી, એની મર્યાદાનો પણ સ્વીકાર તો કરવો જ રહયો. બાળક કંઈ દેવ બનીને નથી જન્મતું, એને આપણે દેવ બનાવવાનુ હોય છે.સંતાનની શક્તિની મર્યાદા સમજીએ નહીં તો આપણી સંતાનો માટેની અપેક્ષાની પણ મર્યાદા ન રહે અને તેને કારણે સંતાનો સાથેનું સાયુજ્ય તૂટે ને પરિણામે સંતાનો ખોટા રસ્તા અપનાવવા પ્રેરાય છે. આમાં જવાબદાર કોણ ? બાળક કે માબાપ !!!!

ઊર્મિલા શાહ

બાળકોને શાબાશી, પ્રશંસા અને પ્રોત્સાહનની જરૂર છે;
એનાથી જ એમનું જીવન પાંગરે છે.

- રવિન્દ્રનાથ ટાગોર

# સંસ્થાકીય સમાચાર

## બાલવાડી

બાળકમાં માબાપે સીંચેલા સંસ્કારનું દર્શન થતાં આનંદ થાય છે. એક બાળકે માત્ર અઢી વર્ષની ઉંમરે ઘણાં બધાં શ્લોકો કંઠસ્થ કર્યા હોય અને નિર્ભયતાપૂર્વક તેનું શુદ્ધ ભાષામાં ઉચ્ચારણ કરે તે સાચે જ આનંદ આપનારી ઘટના છે. આવી પ્રવૃત્તિને અમે સતત પ્રોત્સાહન આપતાં જ રહીએ છીએ.

પોતાનાં બાળક માટે માતાપિતા રસપૂર્વક થોડો સમય ફાળવી શકે તો બાળકની ખૂબ સારી પ્રગતિ થઈ શકે તેવો અમને વિશ્વાસ છે. ઘર આંગણે વાર્તા-જોડકણાં ગીતો અને ઈતર પ્રવૃત્તિ આપવામાં આવે તો બાળકમાં આત્મવિશ્વાસ પ્રગટે છે. તેને હૂંફ અને પ્રેમ મળે છે. બાળકને માબાપનો સમય જોઈએ છે. સ્નેહ અને સ્વીકાર્યતા જોઈએ છે.

બાલવાડીનાં બાળકો હવે વાર્તાનાં જોડકણાં ગાતાં થયાં છે. બાળગીતો ગણગણતા જોવા મળે છે. તેમની જીજ્ઞાસાવૃતિ ખીલીછે. રોજેરોજ નવું નવું જાણવાની અને જોવાની ઉત્સુકતા વધી છે. બાળકોને આમ ખીલતા અને પાંગરતા જોઈ અમને ખૂબ આનંદ થાય છે.

## બાલમંદિર

તા. ૨૫-૧-૦૨ને શુક્રવારે તાલીમનાં બાળકો માટે વેશભૂષા કાર્યક્રમ યોજવામાં આવ્યો. બાળક તેની આસપાસની દુનિયાનું સૂક્ષ્મ રીતે સતત નિરીક્ષણ કરે છે અને તેમાંથી કોઈક પાત્ર પસંદ કરી તેનું અનુકરણ કરે છે ત્યારે કયારેક તો તે એવું આબેહૂબ હોય છે કે તેની અભિવ્યક્તિ ધન્યવાદને પાત્ર બની રહે છે. આ ઉગતા બાળકોને પાત્રની પસંદગી અને તેને અનુરુપ અભિવ્યક્તિ માટે તૈયાર કરવા પડે છે. એ માટે માબાપ અને શિક્ષક બંનેના માર્ગદર્શનની જરુરત પડે છે. શબરીના પાત્રમાં બહેન રિધ્ધિની ભાવભરી અભિવ્યક્તિ, યજ્ઞ કરતાં પંડિતમાં ભાઈ શ્રેય ની અભિવ્યક્તિ સાચે જ ધન્યવાદને પાત્ર હતી, અને રબારણનું પાત્ર ભજવતી મૃગા તો જાણે તરણેતરનાં મેળામાં મહાલતી જીવંત રબારણ બની ગઈ. મીરાંબાઈનાં પાત્રમાં દેવર્ષિ પણ દિપી ઉઠી. બાળકોનો આત્મવિશ્વાસ અને તન્મયતા અદ્દભૂત હતા. આટલાં નાનાં બાળકોનું આ કામ જોઈ સાચે જ મુગ્ધ બની જવાય તેમ હતું. નિર્ણાયક તરીકે સંસ્થાના કૉ ઓર્ડીનેટર શ્રી ઊર્મિલાબેન શાહ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થિની અને વાલી શ્રી અમીબેન ફોજદારે સેવા આપી. આખોય કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો.

તા. ૨૯-૧-૦૨ અને તા. ૩૧-૦૧-૦૨ને દિવસે બાળકો માટે ગાંધીઆશ્રમનો પ્રવાસ યોજવામાં આવ્યો. પ્રવાસ પહેલાં બાળકોને પૂ. ગાંધીજીનાં જીવન વિષે અને જીવનના પ્રસંગો વિષે સારી એવી માહિતી આપવામાં આવી હતી અને એટલે તેમણે ખૂબ રસપૂર્વક અને ધ્યાનપૂર્વક ગાંધીઆશ્રમની મુલાકાત લીધી. બાળકોએ તેમનું પ્રદર્શન અને વિડીયો જોઈ, અને છેલ્લે આનંદભેર તલસાંકળી અને ચેવડાનો નાસ્તો કર્યો.

તા. ૧૮-૨-૦૨ અને ૧૯-૨-૦૨નાં દિવસે બાળકોને સહભાગી બનાવી વટાણાપૌંઆ બનાવવાનો કાર્યક્રમ યોજયો. જાતે બનાવવાનો આનંદ કેવો અદ્દભૂત હોય છે તેનો તેમને ખ્યાલ આવ્યો. તેમણે ખૂબ હોંશે હોંશે એ ખાધા.

તા. ૨૧-૨-૦૨ને ગુરુવારે તાલીમનાં બાળકો માટે ચિત્ર હરીફાઈ યોજવામાં આવી. રંગ અને રેખામાં તન્મય થઈ ગયેલાં બાળકોને જોવા એ પણ એક અપૂર્વ લ્હાવો છે. બાળકો એમની દુનિયાને એમની દ્રષ્ટિથી મૂલવી અભિવ્યક્ત કરે છે. ત્યારે જાણે તેમની કલ્પનાસૃષ્ટિ સજીવન થાય છે.

## બાળઉછેર અંગે સ્લાઈડ શો સાથે નિદર્શન

તા. ૧૯-૨-૦૨ અને તા. ૨૦-૨-૦૨નાં રોજ નાનાં બાળકોનાં વાલીઓ માટે સ્લાઈડ શો સાથે બે નિદર્શન બાળરોગ નિષ્ણાત ડૉ. હર્ષદભાઈ કામદારનાં સહયોગથી યોજવામાં આવ્યાં. ‘ બાળકોની સામાન્ય તકલીફો અને તેનાં ઈલાજો ’ ‘ બાળકોમાં થતાં રોગો અને તેની સારવાર તથા રસીકરણ ’ વિષે સ્લાઈડ સાથે સુંદર નિદર્શન ડૉ. હર્ષદભાઈએ રજૂ કર્યું. માતાઓએ ખૂબ હોંશપૂર્વક આ કાર્યક્રમમાં હાજર રહી ઉત્સુકતાપૂર્વક અનેક પ્રશ્નો પૂછયાં, અને તેનું સમાધાન મેળવ્યું. કાર્યક્રમ ખૂબ સફળ રહયો. બાળકો માટે માબાપની આ જાગૃતિ અને સહકાર જોઈ હવે આગળ ઉપર ‘ સફળ માબાપ બનવાની કલા ’ ‘ બેટર પેરન્ટીંગ ’ ઉપર એક શિબિર યોજવાનું વિચાર્યું છે. સાથે સાથે વિદ્યાર્થીઓને અને વાલીઓને સૌથી વધુ મૂંઝવતી સમસ્યા ‘ યાદશક્તિ કેમ કેળવવી અને પરીક્ષાની તૈયારી કેમ કરવી વિષેનો પણ સ્લાઈડ શો સાથેનું નિદર્શન ગોઠવવા પણ વિચાર્યું છે. સંસ્થા આ કાર્યક્રમોના સહકાર માટે ડૉ. હર્ષદભાઈ કામદાર પ્રત્યે આભારની લાગણી વ્યકત કરે છે.

## શિશુમંદિર

તા. ૨૪-૦૧-૦૨નાં રોજ સ્વયંશિક્ષણદિન ઉજવવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક શિક્ષણકાર્ય સંભાળ્યું.

તા. ૧૭-૧-૦૨નાં રોજ ધોરણ ૧ થી ૭ નાં બાળકો માટે કલા પ્રતિભા શોધ ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી. ઘણી મોટી સંખ્યામાં બાળકોએ ઉત્સાહભેર તેમાં ભાગ લીધો.

તા. ૨૯-૦૧-૦૨નાં રોજ ધોરણ ૩ અને ૪ માટે સુગમ સંગીતની તથા તબલાવાદનની સ્પર્ધા યોજવામાં આવી.

તા. ૨-૨-૦૨ને શનીવારનાં રોજ ધોરણ ૧ થી ૭નાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે રમતોત્સવ યોજવામાં આવ્યો. જેમાં વ્યક્તિગત રમતોમાં દોડ, લાંબો કુદકો વિગેરે તથા સાંઘિક રમતોમાં ડોઝબોલ, કબડ્ડી, ખો જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું. નાનાં બાળકોને લીંબુચમચો, દેડકાદોડ, સંગીતખુરશી જેવી રમતો રમાડવામાં આવી. બાળકોએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો.

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

| | | | |
|---|---|---|---|
| **સુગમ સંગીત** | | તા. ૧-૨-૦૨ | |
| | પ્રથમ | ભૂમિ ત્રિવેદી | ( ગંગોત્રી ) |
| | દ્વિતીય | વૃષાંકી દોશી | ( ગંગોત્રી ) |
| | | પક્ષ્મન દવે | ( ગંગોત્રી ) |
| | તૃતીય | વૈદેહી શાહ | ( રત્નદીપ ) |
| | | નિરાલી વૈષ્ણવ | ( મેઘનાદ ) |
| | | શૈલી જોષી | ( મેઘનાદ ) |
| **તબલા સ્પર્ધા :** | | તા. ૧-૨-૦૨ | |
| | પ્રથમ | આર્જવ ઠાકોર | ( ગંગોત્રી ) |
| | દ્વિતીય | હર્ષ પટેલ | ( રત્નદીપ ) |
| | | ઋજુલ ત્રિવેદી | ( ધવલગિરિ ) |
| | | આત્મન ફોજદાર | ( ધવલગિરિ ) |
| | તૃતીય | અચ્યુત પંચાલ | ( મેઘનાદ ) |
| | | અમન ગોહીલ | ( રત્નદીપ ) |
| | | પાર્થ શાહ | ( મેઘનાદ ) |

**નિર્ણાયક તરીકે બેન આનતી શાહે સેવા આપી.**

**કલા પ્રતિભા સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| **ધોરણ-૧** | પ્રથમ | રાજ લવિંગિયા |
| | દ્વિતીય | હેલી સોપારકર, હેત સોપારકર |
| | તૃતીય | કુંજ ત્રિપાઠી |

| | | | |
|---|---|---|---|
| | આશ્વાસન | વરુણ રાવળ | |
| ધોરણ-૨ | પ્રથમ | નીલ વૈદ્ય | |
| | દ્વિતીય | અનુષા શાહ | |
| | તૃતીય | હિમાની શાહ | |
| | આશ્વાસન | શ્લોક રાવળ, ભૂમિ શાહ | |
| ધોરણ-૩ | પ્રથમ | મૈત્રેય દિક્ષિત | |
| | દ્વિતીય | ખુશાલી ત્રિપાઠી | |
| | તૃતીય | પ્રાચી ચાવડા | |
| | આશ્વાસન | પર્વ ત્રિવેદી, અભિષેક શાહ | |
| ધોરણ-૪ | પ્રથમ | શિમોલી શાહ | |
| | દ્વિતીય | નિરાલી પટેલ | |
| | તૃતીય | હિનાલી શાહ, ઋતુ શાહ | |
| | આશ્વાસન | લેખા મહેતા | |
| ધોરણ-૫ | પ્રથમ | જીનલ શાહ | |
| | દ્વિતીય | શીલ શાહ | |
| | તૃતીય | ભૂમિ શાહ | |
| | આશ્વાસન | હેતા શાહ | |
| ધોરણ-૬ | પ્રથમ | દેવસ્ય જાની | |
| | દ્વિતીય | જાનકી ગોરજી | |
| | તૃતીય | ખુશ્બુ વ્યાસ, અભિજ્ઞ શાહ | |
| | આશ્વાસન | ભૌમિક પટેલ | |
| ધોરણ-૭ | પ્રથમ | જ્યાયસી દેસાઈ | |
| | દ્વિતીય | નીવા શાહ | |
| | તૃતીય | નિધિ શાહ | |
| | આશ્વાસન | રાજદીપ દેસાઈ, હીરવા મયાત્રા | |
| **નિબંધ સ્પર્ધા :** | તા.૧૬-૨-૦૨ | | |
| **હિન્દી** | પ્રથમ | રાજ ત્રિવેદી | (ધવલગિરિ) |
| | દ્વિતીય | દેવસ્ય જાની | (ગંગોત્રી) |
| | | રૂચિશ શાહ | (ગંગોત્રી) |
| | તૃતીય | જાનકી ગોરજી | (ધવલગિરિ) |
| | | જ્યાયસી દેસાઈ | (ધવલગિરિ) |
| **ગુજરાતી** | પ્રથમ | જૈની પરીખ | (મેઘનાદ) |
| | દ્વિતીય | ભૂમિ ત્રિવેદી | (ગંગોત્રી) |
| | | રાજસી કોટ | (રત્નદીપ) |
| | તૃતીય | રાજદીપ દેસાઈ | (મેઘનાદ) |
| | | જહાનવી ચોકસી | (રત્નદીપ) |
| **અંગ્રેજી** | પ્રથમ | હીરવા મયાત્રા | (ગંગોત્રી) |
| | દ્વિતીય | ઉર્જીત જોષી | (ધવલગિરિ) |
| | | સહજ પરીખ | (ગંગોત્રી) |
| | તૃતીય | ખુશ્બુ શાહ | (મેઘનાદ) |
| | | શુભમ્ બક્ષી | (રત્નદીપ) |

## વિનયમંદિર

તા.૨૮ અને ૨૯મી જાન્યુઆરીના રોજ ધોરણ ૯ તથા ૧૧ માટે વાર્ષિક રમતોત્સવ યોજાઈ ગયો. તા.૧૬-૨-૦૨નાં રોજ ધોરણ ૮ માટે રમતોત્સવ યોજાયો. ધોરણ ૯ ,૧૧ માટે સ્વયંશિક્ષણદિન યોજવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક શિક્ષણકાર્ય સંભાળ્યું હતું.

તા.૧૬-૧-૦૨ ને બુધવારનાં રોજ જાણીતા બાલ સાહિત્યકાર શ્રી યશવંતભાઈ મહેતાનું પ્રવચન ધોરણ ૮ નાં વિદ્યાર્થીભાઈબહેનો માટે યોજાયું. તેમણે ગાંધીજીનાં જીવનનાં પ્રેરક પ્રસંગો પર ખૂબ પ્રેરક પ્રવચન આપ્યું

**કેરમ સ્પર્ધા : ( ડબલ્સ )**

| | | |
|---|---|---|
| પ્રથમ | મુકુંદ શ્રીમાળી- જીગર શાહ | (ગીતગોવિંદ) |
| દ્વિતીય | રાજદીપ પરીખ- તીર્થન ઝવેરી | (મેઘદૂત) |
| તૃતીય | અર્ચિત શાહ - શૈલ બુચ | (મેઘદૂત) |

**સુગમ સંગીત સ્પર્ધા : ( ધો.૮ )**

| | |
|---|---|
| પ્રથમ | મૌલિ જોષી |
| દ્વિતીય | હિરલ ખત્રી, ઋજુતા મુનશી |
| તૃતીય | વૈભવ દવે, નૌકા શાહ |
| આશ્વાસન | મૌલિન શાહ |

**શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થિની તથા વાલી બેન દિપાલી શાહે નિર્ણાયક તરીકે સેવા આપી.**

## અભિનંદન

**ચિત્ર :** તા.૨૭-૧-૦૨નાં રોજ હુસેનની ગુફા ખાતે, ટાઈમ્સ ઓફ ઈન્ડીયા તરફથી યોજાયેલ તત્કાલ ચિત્ર સ્પર્ધામાં જુનિયર ગ્રુપમાં ચિ.પલક ત્રિવેદીને ઈનામ મળ્યું છે.પાવર $H_2O$ અને ટાઈમ્સ ઓફ ઈન્ડિયાનાં સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં ચિ.નીવા શાહને દ્વિતીય અને ચિ.હીરવા મયાત્રાને પાંચમું સ્થાન પ્રાપ્ત થયું છે.

ક્ષિતિજ આર્ટ સોસાયટીના ઉપક્રમે યોજાયેલ ૬ ઠ્ઠી ઑલ ઈન્ડીયા આર્ટ એકઝીબીશન ૨૦૦૧ સ્પર્ધામાં ચિ.દેવસ્ય જાનીને મેરીટ સર્ટીફીકેટ અને ચિ.ભૂમિ શાહને સુવર્ણચંદ્રક મળ્યાં છે.

સંસ્કૃતિ નેશનલ એકઝીબીશન ઓફ આર્ટ ફોર ચિલ્ડ્રન એન્ડ યુથ દ્વારા યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં ચિ. રાજદીપ દેસાઈને ડિપ્લોમા ઓફ ડિસ્ટીંકશનનું સર્ટીફીકેટ મળ્યું છે.

અજુમન આર્ટ એસોસીએશન દ્વારા આયોજીત પ્રથમ ઓલ ઈન્ડિયા ચાઈલ્ડ આર્ટ એકઝીબીશન ૨૦૦૧માં ચિ.ભૂમિ શાહને મેરીટ સર્ટીફીકેટ મળ્યું છે.

એક્રોન આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ.જ્યાયસી દેસાઈને પ્રથમ ઈનામ મળ્યું છે.

**કવીઝ :** ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર અને નેશનલ કાઉન્સીલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કોમ્યુનીકેશન ન્યુ દિલ્હી આયોજીત કવીઝમાં ચિ.સુજલ મયાત્રાએ બીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

**ચેસ :** ગુજરાત ચેસ એકેડમી આયોજીત મેઘમણી ઓરગેનીક્સ લીમીટેડ ચેસ ચેમ્પીયનશીપમાં ચિ.સંવિત શાહે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ચાઈલ્ડ યુથ કેર પ્રાઈવેટ લિમિટેડ તરફથી યોજાયેલ જલતરંગ ચેસ ટ્રોફીમાં ચિ.સંવિત શાહને સાતમું સ્થાન મળ્યું છે.

## સંસ્થાનું ગૌરવ

સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વાલી શ્રી શૈલેષ રાવળ ' ઈન્ડિયા ટુ ડે ' ન્યુઝ મેગેઝિન સાથે સ્ટાર ફોટોગ્રાફર તરીકે અમદાવાદ ખાતે ફરજ બજાવે છે. ધ ઈન્ટરનેશનલ ફોટોગ્રાફી સ્પર્ધામાં ભાઈ શ્રી શૈલેષ રાવલને ' લુક મી ' તસવીર માટે ગોલ્ડ મેડલ તથા સન્માનપત્રથી સન્માનવામાં આવનાર છે. ભાઈશ્રી શૈલેષને ખૂબ ધન્યવાદ. જાપાનમાં આખા વર્ષ દરમ્યાન એ તસવીરો પ્રદર્શિત થશે.

**શ્રધ્ધાંજલિ :** સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વાલી ભાઈશ્રી કૌશિક મહેતાનાં તા.૧૨-૨-૦૨ના રોજ થયેલ અકાળ અને દુઃખદ અવસાનનાં સમાચારથી સંસ્થાએ ભારે દુઃખની લાગણી અનુભવી છે. ઈશ્વર સદગતનાં આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

તંત્રી ,મુદ્રક,પ્રકાશકઃ **દિનુભાઈ દવે**, આચાર્ય અને નિયામક,
શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL: shardamandir@rediffmail.com